## કૃષિ ઈજનેરી પોલીટેકનીક, આકૃયુ, દાહોદ ખાતે દૌલતગંજ કન્યા શાળા દાહોદના વિદ્યાર્થીઓની મુલાકાત

આણંદ કૃષિ યુનિવર્સિટીની, કૃષિ ઈજનેરી પોલીટેકનીક દાહોદ ખાતે દૌલતગંજ કન્યા શાળા દાહોદના કુલ ૩૫ વિદ્યાર્થીની તેમજ ૨ શિક્ષકોએ તા.૨૫/૦૨/૨૦૨૫ના રોજ મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો. એચ. એલ. કાચાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીનીઓની અત્રેની કોલેજના સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનીયરીંગ વિભાગ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનીયરીંગ વિભાગ, રીન્યુએબલ એનર્જી વિભાગ, ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જીનીયરીંગ વિભાગ, બેસિક સાયન્સ તેમજ વર્કશોપની મુલાકાત લીધેલ હતી. જેમાં વિભાગની વિવિધ લેબોરેટરી, સોઇલ કન્ઝર્વેશનના જુદા-જુદા મોડેલ/ /સ્ટ્રક્ચર, ડ્રીપ ઈરીગેશનને લગતી અદ્યતન મશીનરી/ સાધનો,રીન્યુએબલ એનર્જી વિભાગને લગતી વિવિધ માહિતી, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનીયરીંગને લગતી મશીનરી/ સાધનોની કામગીરી અને સુવિધાઓથી તેમજ કોલેજની પ્રવેશ પદ્ધતિ વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. સદર મુલાકાત દરમ્યાન અત્રેની કોલેજના તમામ અધિકારી અને કર્મચારીઓએ વિદ્યાર્થીનીઓની કોલેજની મુલાકાત માટે સરાહનીય યોગદાન આપેલ. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીનીઓને કૃષિ ઈજનેરી પર ચર્ચા કરેલ હતી. સદર મુલાકાતનું સંચાલન ડો એચ એલ કાચા, પ્રોફેસર સચિન એસ ચિંચોરકર, ડો ફરીદ જી. સૈયદ તેમજ ઇજ. ડી એમ પરડવા. ઇજ. જાસ્મીન ભીમાની, ઇજ. મહાદેવ ખરડીવાર, શ્રી. બી પી. સોલંકી અને તમામ ટેકનીકલ સ્ટાફ દ્વારા લેબની માહિતી આપવામાં આવી.


कृषि विज्ञान केन्द्र, दाहोद




